કોરોનાના કારણે નિરવ શાંતિ

# વિજયનગરના પોળો જંગલ વિસ્તારમાં દિપડો દેખાયો

### દિપડો દેખાયા પછી સહેલાણીઓમાં ભય ઉભો થવાની દહેશત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨ વિજયનગરના પોળો જંગલ વિસ્તારમાં દિપડો રહ્યા છે. જેના કારણે વિજયનગર ઉપરાંત વડાલી, ઈડર, ભિલોડા, હિંમતનગરના માનવ વસતી

**દિપડો તેના વિસ્તારમાં છે : એ.સી.એફ.**

બાયડ : વિજયનગરના પોળો જંગલ વિસ્તારમાં ૧૬ થી વધુ દિપડાનો વસવાટ છે. છેલ્લા ૨ દિવસથી દિપડો પોળોના જંગલમાં દેખાતાં તેનો વિડીયો વાયરલ થયો છે ત્યારે એ.સી.એફ. યોગેશ દેસાઈનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે સોશ્યલ મીડીયામાં વાયરલ થયેલો વિડીયો પોળોના જંગલ વિસ્તારનો છે અને દિપડાનો અહીંયાં વસવાટ રહેલો છે.



દેખાયાનો વિડીયો વાયરલ થયો છે. કોરોનાના કારણે પોળો જંગલ વિસ્તારમાં પ્રવાસીઓની અવર જવર ઉપર અંકુશ મૂકવામાં આવ્યો હતો જેથી જંગલ વિસ્તાર શાંત બનતાં દિપડાના આંટાફેરા વધ્યાનું અનુમાન છે. દિપડો દેખાયા પછી હવે સહેલાણીઓમાં પણ ભય ઉભો થવાની દહેશત છે.

જિલ્લાના જંગલ વિસ્તારમાં માનવ અવર જવર અને વાહનોના ઘોંઘાટના કારણે અનેક વન્ય પ્રાણીઓ સ્થળ છોડી ગયા છે કાં તો દૂર દૂર જતા વિસ્તારમાં દિપડો દેખાય છે અને મારણ કર્યાના અનેક કિસ્સા બહાર આવ્યા છે. છેલ્લા બે દિવસથી પોળોના જંગલ વિસ્તારમાં દિપડો દેખાયાનો વિડીયો વાયરલ થયા પછી વન વિભાગ દ્વારા પણ આ અંગે તપાસ શરૂ કરવામાં આવી છે. દિપડાની હાજરીથી ભલે સહેલાણીઓમાં ભય પ્રસર્યો હોય પરંતુ દિપડા જંગલ વિસ્તારમાં જ ઠરીઠામ થાય તો માનવ વસતીમાં થઈ રહેલા મારણના બનાવોમાં ઓટ આવી શકે છે.

ઉનાળાના અંતિમ દિવસોમાં ચિંતા

# જિલ્લાના ૧૨ જળાશયોમાં ઓસરતું પાણી, માંડ ૨૪ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ

### તંત્ર ઉવાચ, ચિંતાનું કોઈ કારણ નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ઉનાળો અંતિમ દિવસમાં કાળઝાળ બન્યો છે. આકાશમાંથી ગરમીના અગનગોળા વછૂટતાં બંન્ને જિલ્લાના ૧૨ જળાશયોમાં પાણીની સપાટી ઘટી છે. જળાશયોમાં ૨૩.૭૬ ટકા પાણીનો જથ્થો છે. આગામી ૨૦ જૂન આસપાસ ચોમાસુ શરૂ થવાનું હોવાથી તંત્ર કહી રહ્યું છે કે ચિંતાનું કોઈ કારણ નથી પરંતુ વરસાદ ૧ મહિનો ખેંચાય તો મોટું સંકટ આકાર લઈ શકે છે.

દર વર્ષે ચોમાસુ નિયમિત હોવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવતી હોય છે પરંતુ પાછલા કેટલાક વર્ષોથી ઋતુચક્ર ખોરંભે પડ્યું છે જેના કારણે ચોમાસુ વિલંબમાં પડતું હોય છે.

આ વર્ષે હવામાનની અનેક વિષમ સ્થિતિઓનો ખેડૂતો અને પ્રજાએ અનુભવ કર્યો છે તેમાંય તાઉતે વાવાઝોડા પછી પ્રિ-મોન્સૂન એક્ટિવિટી સક્રીય થઈ હોય તેવું લાગી રહ્યું છે પરંતુ જિલ્લાના વાત્રક, ગુહાઈ, માઝૂમ, હાથમતી, લાંક, જવાનપુરા, હરણાવ, મેશ્વો, વૈડી, ખેડવા, વરાંસી અને ગોરઠીયા જળાશયમાં કાળઝાળ ઉનાળાના અંતિમ ચરણમાં પાણીનો જથ્થો ઝડપથી ઘટવા લાગ્યો છે. જળાશયોમાં પાણીની સપાટી મહત્તમ ક્ષમતા કરતાં પણ નીચે જતાં આગામી ચોમાસામાં જો વરસાદ વધુ દિવસો સુધી ખેંચાય તો અનેક જળાશયોનાં તળીયાં દેખાવવાની સંભાવના છે. જો કે ગત વર્ષે ચોમાસામાં ઉપરવાસમાં અનારાધાર વરસાદ વરસ્યો હતો જેના કારણે જિલ્લાના મુખ્ય જળાશયોમાં પાણીની મહત્તમ આવક થવાથી તમામ જળાશયોમાં પાણીની સપાટી મહત્તમ કક્ષાએ પહોંચી હતી પરંતુ ઉનાળો શરૂ થયો ત્યાંથી ક્રમશ: રીતે જળાશયોમાંથી પાણીની સપાટીમાં તબક્કાવાર રીતે ઘટાડો થઈ રહ્યો છે. તંત્ર દ્વારા ખેડૂતોની માંગ અનુસાર જળાશયોમાંથી પાણી છોડવામાં આવ્યા પછી સપાટીનું લેવલ વધુ નીચું ગયું છે. જેથી સ્થિતિ ચિંતાજનક બનવાના અણસાર છે પરંતુ વર્તમાન પાણીની સપાટીને જોતાં આગામી ચોમાસા સુધી પાણીની કોઈ સમસ્યા ઉભી ન થવાનો દ્રઢ વિશ્વાસ ડેમ સૂત્રોએ વ્યક્ત કર્યો છે.

**જિલ્લાના જળાશયોની સ્થિતિ..**

| જળાશય | હાલની સપાટી | કુલ સપાટી | ટકાવારી |
|---|---|---|---|
| વાત્રક | ૧૩૦.૫૬ | ૧૩૬.૨૫ | ૩૪.૪૩ |
| ગુહાઈ | ૧૬૪.૮૪ | ૧૭૩.૦૦ | ૧૧.૩૪ |
| માઝૂમ | ૧૫૩.૫૮ | ૧૫૭.૧૦ | ૪૦.૧૨૦ |
| હાથમતી | ૧૭૭.૩૯ | ૧૮૦.૮૯ | ૩૪.૫૭ |
| લાંક | ૧૦૪.૪૭ | ૧૧૧.૫૫ | ૦૭.૦૦ |
| જવાનપુરા | ૮૭.૬૦ | ૯૧.૦૦ | ૧૯.૧૭ |
| હરણાવ | ૩૨૩.૭૩ | ૩૩૨.૦૦ | ૩૦.૭૦ |
| મેશ્વો | ૨૦૯.૩૯ | ૨૧૪.૫૯ | ૪૫.૩૦ |
| વૈડી | ૧૯૨.૯૧ | ૧૯૯.૨૦ | ૧૭.૪૧ |
| ખેડવા | ૨૫૨.૩૦ | ૨૫૯.૭૦ | ૧૮.૬૮ |
| વરાંસી | ૭૬.૦૦ | ૮૧.૦૦ | ૪.૩૯ |
| ગોરઠીયા | ૧૦૫.૪૦ | ૧૧૦.૪૩ | ૨૨.૦૫ |

# ઉત્તર ગુજરાતની ૩ ડીસ્ટ્રીક્ટ બેન્કો દ્વારા મર્જર ગાઈડલાઈનનો વિરોધ

### જિલ્લા મધ્યસ્થ બેન્કોનું ફરજીયાત વિલીનીકરણ ઉપર બ્રેક વાગી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨ તા.૨૪ મે. ના રોજ રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા દ્વારા ગુજરાતની તમામ ડીસ્ટ્રીક્ટ બેન્કનું સ્ટેટ કો.ઓપ. બેન્કમાં મર્જર કરવાનું જાહેર કરાતાં સહકારી આગેવાનોમાં નારાજગી જોવા મળી. સ્ટેટ કો.ઓપ. બેન્કની કારોબારી મીટીંગમાં સહકારી આગેવાનોએ બેન્કો મર્જરની ગાઈડલાઈન સાથે સહમત નથી તેમ જણાવ્યું છે. જેથી ઉત્તર ગુજરાતની ૩ ડીસ્ટ્રીક્ટ બેન્કો દ્વારા પણ મર્જર ગાઈડલાઈનનો વિરોધ થયો છે તે જોતાં જિલ્લા મધ્યસ્થ બેન્કોનું ફરજીયાત વિલીનીકરણ ઉપર હાલ પૂરતી બ્રેક વાગ્યાનું જાણવા મળ્યું છે.

જિલ્લા મધ્યસ્થ બેન્કોના વિલીનીકરણ માટે દેશ વ્યાપી તખ્તો ગોઠવાયો હતો જેમાં ગુજરાતની ૧૮ ડીસ્ટ્રીક્ટ બેન્ક સહિત અન્ય રાજ્યોની પણ ડીસ્ટ્રીક્ટ બેન્કોનું સ્ટેટ કો.ઓપ. બેન્કોમાં મર્જર કરવા તા.૨૪ મે.ના રોજ જાહેરાત કરવામાં આવી હતી. જેથી ગુજરાતના સહકારી આગેવાનોનો આ નિર્ણય સામે નારાજગી એક સંપમાં જોવા મળી. ગુજરાત સ્ટેટ કો.ઓપ. બેન્કની કારોબારી બેઠકમાં ઉત્તર ગુજરાતની ડીસ્ટ્રીક્ટ બેન્કોના ચેરમેન દ્વારા પણ ચર્ચા દરમ્યાન મર્જર સામે નારાજગી હતી તેમજ બેન્કો અને સભાસદો ગાઈડલાઈનની વિરૂદ્ધમાં હોવાનો મત પ્રગટ કરાયો હતો. રાજ્યના ડીસ્ટ્રીક્ટ બેન્કોના સહકારી આગેવાનોના અભિપ્રાય પછી સ્ટેટ કો.ઓપ. બેન્કમાં કોઈપણ ડીસ્ટ્રીક્ટ બેન્કનું દબાણથી વિલીનીકરણ નહીં કરવાનો અભિપ્રાય આપવામાં આવ્યો. જાણવા મળ્યા મુજબ જી.એસ.સી.બી. દ્વારા આ મુદ્દે હાલ માત્ર ગાઈડલાઈન પ્રસિદ્ધ કરવામાં આવી છે અને તેની સામે વાંધા વિરોધ અને સૂચનો મંગાવ્યા પછી કોઈપણ બેન્કનું ફરજીયાત વિલીનીકરણ નહીં થાય તેવી ખાત્રી આપવામાં આવી છે. ગુજરાતના સહકારી ક્ષેત્રની નારાજગી પછી કેન્દ્રના નાંણા વિભાગ અને આર.બી.આઈ. અને ગુજરાત સ્ટેટ કો.ઓપ. બેન્ક દ્વારા જિલ્લા મધ્યસ્થ બેન્કોનું ફરજીયાત વિલીનીકરણ નહીં થાય તેવી ખાત્રી આપવામાં આવી છે તેવું પણ જાણવા મળ્યું છે.

ધ બર્નિંગ કાર :

## ભિલોડાના સુનોખ પાસે કાર ગુલાંટ ખાધા પછી ભડભડ સળગી

બાયડ / શામળાજી, તા.૦૨ ભિલોડા તાલુકાના સુનોખ નજીક કાર ગુલાંટ ખાધા પછી ભડભડ સળગતાં ધ બર્નિંગ કારને જોવા લોકટોળાં ઉમટ્યાં હતાં. કાર સળગતાં ચાલક સહિત બે જણ શિફતપૂર્વક બહાર નિકળ્યા હતા પરંતુ તેમને સામાન્ય ઈજા પહોંચી હતી જેથી ઈમરજન્સી-૧૦૮ મારફતે શામળાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પાછલા બે મહિનામાં દોડતી કારમાં આગ લાગવાના બનાવોએ વાહન ચાલકોની ચિંતા વધારી છે. હિંમતનગર, ગામડી સહિતના અનેક વિસ્તારોમાં કાર સળગવાના કિસ્સા વધ્યા છે. જ્યારે શામળાજી નજીક પણ અગાઉ કાર સળગી ઉઠતાં ચાલક ભડથું બન્યો હતો છતાં રોડ ઉપર દોડતા વાહનોમાં આગ લાગે ત્યારે તત્કાલ સારવાર મળે તેવી કોઈ સુવિધા ઉભી કરવામાં આવી નથી. બુધવારે સુનોખ બસ સ્ટેશન પાસે દોડતી કારના ચાલકે સ્ટીયરીંગ ઉપરનો કાબુ ગુમાવતાં ગુલાંટ ખાઈ ગઈ હતી અને ત્યારબાદ એકાએક આગ ભભૂકી ઉઠતાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા આગનું કારણ જાણી શકાયું નથી.


વેક્સિનેશનના વેગમાં ગંભીર ગોટાળા

# સરડોઈના શિક્ષકે કોરોના રસીનો એકપણ ડોઝ લીધો નથી છતાં સર્ટીફિકેટથી આશ્ચર્ય

### ટાર્ગેટ પૂરો કરવા અન્યને રસી અપાયાની આશંકા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨ કોરોનાના રસીકરણને વેગ આપવા માટે આરોગ્ય વિભાગ દ્વારા એડી ટોચનું જોર લગાવવામાં આવ્યા પછી વેક્સિનેશનમાં ગંભીર ગોટાળા સામે આવ્યા છે. મોડાસા તાલુકાના સરડોઈના વતની અને બોડેલીની કેહરપુરા પ્રા.શાળામાં ફરજ બજાવતા એક શિક્ષકે રસીનો એકપણ ડોઝ લીધો નથી છતાં તેમના નામે ઓનલાઈન રસીકરણનું સર્ટી નિકળતાં ચોંકી ઉઠ્યા છે. કોરોનાનું સંક્રમણ વધતાં રસીકરણ માટે અંધાધૂંધી સર્જાઈ છે ત્યાં શિક્ષકના નામે રસીકરણનો ટાર્ગેટ પૂરો કરવા અન્યને પ્રથમ ડોઝ આપી દેવાયાની આશંકા વ્યક્ત થઈ છે.

કોરોનાની બીજી લહેર ઘાતક સાબિત થયા પછી રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા ઝડપથી રસીકરણનો ૧૦૦ ટકા લક્ષ્યાંક પૂરો કરવા માટે સૂચનાઓ આપવામાં આવી છે. જ્યારે રસીના પ્રથમ ડોઝથી સુરક્ષિત થવા માટે સરકારી સામૂહીક આરોગ્ય કેન્દ્રો તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ધસારો જોવા મળી રહ્યો છે પરંતુ અનેક વિસ્તારોમાં રસીની અછતના કારણે પ્રજાજનોને રસીનો ડોઝ ન મળવાથી નિરાશ થવાનો વારો આવ્યો છે ત્યાં મોડાસા તાલુકાના


Ministry of Health & Family Welfare
Government of India
Provisional Certificate for COVID-19 Vaccination - 1st Dose
Beneficiary Details
Beneficiary Name [redacted]
Age 37
Gender Male
ID Verified PAN Card # BKCPP6678J
Unique Health ID (UHID)
Beneficiary Reference ID 11181963671922
Vaccination Details
Vaccine Name COVAXIN
Date of Dose 12 Feb 2021 (Batch no. 37G20010A)

જાગૃત શિક્ષક રસીથી વંચિત રહ્યા હોવા છતાં તેમના નામે રસીનો ડોઝ અપાઈ ગયાની ગંભીર વિગતો સામે આવતાં સનસનાટી મચી છે. વડોદરા જિલ્લાના બોડેલીની કેહરપુરા પ્રા.શાળામાં ફરજ બજાવતા શિક્ષક વેકેશન હોવાથી સહપરિવાર પોતાના વતનમાં આવી ગયા છે અને રસીનો પ્રથમ ડોઝ લેવા માટે પ્રયાસ કરી રહ્યા છે પરંતુ હજુ સુધી રસીનો એકપણ ડોઝ તેમને લીધો નથી પરંતુ મોબાઈલ ફોનમાં તેમના નામે રસીકરણનું સર્ટી અને મેસેજ આવતાં તેઓ ચોંકી ઉઠ્યા છે. કોઈએ તેમના નામે તેમના આધારકાર્ડના આઈ.ડી.નો દુરૂપયોગ કરી રસી મેળવી લીધાની આશંકા વ્યક્ત થઈ છે. જ્યારે સર્ટીમાં રસીનો ડોઝ આપનાર આરોગ્ય કર્મચારીનું નામ લખેલું હોવાથી સંભવિત રીતે તેમના નોકરીના સ્થળે કોઈએ આધાર આઈ.ડી.નો દુરૂપયોગ કરી રસી લીધી હોવાની શંકા છે. જેથી જાગૃત શિક્ષક દ્વારા સરકાર રસીકરણના નામે ધુપ્પલ ચલાવતી હોવાના આક્રોશ સાથે સોશ્યલ મીડીયામાં પોસ્ટ મૂકવામાં આવતાં આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે. શિક્ષકે રસીનો એકપણ ડોઝ લીધો જ નથી તો પછી મોબાઈલ ફોનમાં તેમના આધાર આઈ.ડી. સાથે રસીકરણનું સર્ટી આવ્યું જ કેવી રીતે..?? તેની તપાસ થાય તો વેક્સિનેશનને વેગ આપવા માટે થતા ગરબડ ગોટાડા ઉજાગર થઈ શકે છે.

તેલના ભાવ ઘટ્યા પણ ફાયદો કોને..??

# સાબરકાંઠા, અરવલ્લીમાં ફરસાણના ભાવમાં કોઈ ઘટાડો નહીં, પ્રજાને કોઈ લાભ મળતો નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨ છેલ્લા ૧૫ દિવસથી તેલના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે પરંતુ તેલના ભાવ ઘટ્યા પછી ફાયદો કોને..?? ફરસાણના ભાવમાં કોઈ ઘટાડો ન થતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની પ્રજાને સસ્તુ ફરસાણ નસીબ થતું નથી. સરકાર દ્વારા ભાવ ઘટે ત્યારે પ્રજાને તેનો સીધો લાભ થાય તેવી સીસ્ટમ ગોઠવવી જોઈએ.



કોરોનાના કેસમાં રાહત પછી પ્રજા અને વેપારીઓમાં લાંબા સમય પછી ખુશી જોવા મળી છે. બજારો પણ હવે ધમધમી રહ્યાં છે. હવે કોરોના ફરીથી ઉથલો ન મારે તો આગામી ૨-૪ મહિના સુધીમાં બજાર વધુ મજબૂત બને તેવી સંભાવના છે. છેલ્લા ૧૫ દિવસમાં ભલે ઈંધણના ભાવ વધતા હોય પરંતુ ખાદ્યતેલના ભાવમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. ખાદ્યતેલમાં ૧૦ રૂા.ઘટ્યા છે. જ્યારે સીંગતેલના ભાવમાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. સીંગતેલ કપાસીયાના ભાવમાં રૂા.૨૦૦ થી ૨૨૦ સુધીનું ગાબડું પડ્યું હોવા છતાં ક્યાંય કોઈ ફરસાણના વેપારીએ ભાવ ઘટાડો કર્યો નથી. ટૂંકમાં મોંઘવારી વધે તો પ્રજા પીસાય અને ઘટે તો પ્રજાને કોઈ ફાયદો થતો નથી. આગામી દિવસો ખાદ્યતેલના ભાવમાં વધુ ઘટાડો થવાની સંભાવના વ્યક્ત થઈ છે.

# વિજયનગરના આડાખોખરા પાસે ઈકો ગાડી પલટીને ખીણમાં ખાબકતા એકનું મોત

### પુરઝડપે ગાડી હંકારતા સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા અકસ્માતમાં ચાલક પણ ઇજાગ્રસ્ત

વિજયનગરના આડાખોખરા પાસે ઈકો ગાડી પલટી જતા ખીણમાં જઈને ખાબકતા સર્જાયેલા આ અકસ્માતમાં ગાડીના ચાલક સહિત પાંચ જણ ઘવાયા હતા તે પૈકી ગંભીર ઈજાગ્રસ્ત મહિલાનું હિંમતનગર સિવિલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

વિજયનગર તાલુકાના જાલેટી ગામના ચિંતનકુમાર સુરેશભાઈ સીબલીયાએ આજરોજ નોંધાવેલ ફરિયાદ મુજબ ગઈકાલે મોડી સાંજે આ અકસ્માત સર્જાયો હતો. જેમાં આરોપી અને ઈકો ગાડીના ચાલક સુરેશભાઈ જીવાજી સીબલિયાએ પોતાના કબજા અને માલિકીની ઈકો ગાડી પુરઝડપે, ગફલતભરી રીતે અને માનવ જિંદગી જોખમાય એ રીતે હંકારી લાવી ગાડીના સ્ટિયરિંગ ઉપરનો કાબુ ગુમાવી દેતાં ગાડી રોડ સઈડની ખીણમાં ખાબકી હતી.

જેમાં ગાડીના ચાલકને માથાના ભાગે ઈજાઓ થઈ હતી અને ગાડીમાં બેઠેલ ચાલકને દીકરા ચિંતન સુરેશભાઈ સીમબલિયા, પ્રવીણભાઈ ડાભી, ચંદુભાઈ સીબલીયા અને ગાડીના ચાલકના પત્ની કંકુબેન જીવાજી સીબલીયા સહિત પાંચ ઘવાયા હતાં. અકસ્માત અંગેની વધુ વિગતો આપતા પીએસઆઈ



રાજેન્દ્રસિંહે જણાવ્યું કે .ઈજાગ્રસ્ત પાંચેય ને વિજયનગર સરકારી દવાખાને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા જ્યાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે પાંચેય ને હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં જ્યાં સારવાર દરમિયાન ગંભીર ઈજાગ્રસ્ત કંકુબેન જીવાજી સીબલીયા રહે.જાલેટી, ઉ.વ.આ.૬૦ ) નું મોત નીપજ્યું હતું. અન્ય ચાર ત્યાં જ સારવાર હેઠળ છે. અકસ્માતમાં ગંભીર ઈજાગ્રસ્તોને હિંમતનગર સિવિલમાં દાખલ કરાતા પો.સ.ઈ જે.જે.ચાવડાએ પણ સિવિલની વિઝીટ લીધી હતી. ચાલક સામે નોંધાયેલ ફરિયાદ અન્વયે વધુ તપાસ પોલીસે હાથ ધરી છે.

# બાયડની શિવમ પાર્ક સોસાયટીમાં તસ્કરોનું આગમન, ૩૦,૦૦૦ની મત્તા ચોરાઈ

### પોલીસના નાઈટ પેટ્રોલીંગનો ગુબ્બારો ફૂટ્યો, દારૂનું વેચાણ વધતાં તસ્કરીના ગુના વધ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨ બાયડની શિવમ પાર્ક સોસાયટીમાં રહેતા વિક્રમસિંહ ફતેસિંહ પરમારને કોરોના થતાં વતનમાં ગયા હતા ત્યારે બંધ મકાનમાં ત્રાટકેલા તસ્કરો રોકડ, ચાંદીના છડા, સિક્કા મળી કુલ રૂા.૩૦,૧૦૦ની મત્તા ચોરી જતાં પોલીસના નાઈટ પેટ્રોલીંગનો ગુબ્બારો ફૂટ્યો છે. બાયડમાં બેરોકટોક દારૂનું વેચાણ વધતાં ફરીથી તસ્કરોનો દોર આરંભાયો છે. તસ્કરોને શોધવા માટે આવેલી ડૉગ સ્કવોર્ડ રોડ ઉપર આવીને થંભી ગયો હતો.

બાયડ પોલીસ સ્ટેશનની હદમાં દારૂના વેપલામાં ઉછાળો આવ્યા પછી ગુનાહીત પ્રવૃત્તિમાં વધારો થયો છે. તાજેતરમાં જિલ્લા પોલીસ વડા દ્વારા પોલીસ કર્મીઓની મોટાપાયે બદલી થઈ પરંતુ બાયડમાં જેમની સામે ગંભીર ફરિયાદ હતી તેમના ઉપર કોના આશીર્વાદ રહ્યા..?? તે સ્થાનિક લોકોને સમજાતું નથી. બાયડની શિવમ પાર્ક સોસાયટીમાં રહેતા વાસણામોટા ગામના અને ફોટો સ્ટુડીયોના વ્યવસાય સાથે સંકળાયેલા વિક્રમસિંહ પરમારને કોરોના થતાં તેઓ ઘરે ગયા હતા જે સમય દરમ્યાન બંધ મકાનમાં ત્રાટકેલા તસ્કરોએ મકાનનું તાળુ તોડી ઘરમાંથી રોકડ રૂા.૨૨,૦૦૦ હજાર અને ચાંદીના દાગીના સહિત રૂા.૩૦,૧૦૦ની મત્તા ઉસેડી ગયા હતા. પરમાર પરિવાર ઘરે આવ્યો ત્યારે તસ્કરી થયાનું જણાતાં બાયડ પોલીસને જાણ કરી હતી.


## જાહેરનામું

**મહેસુલ વિભાગ**
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૦૬/૦૫/૨૨૦૨૧

**જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)**

જીલ્લો : મહેસાણા

ક્રમાંક : અમ-૨૦૨૧-૧૯૧-મ-જમક-૧૭૨૦-૪૦૫-ઘ

ગુજરાત સરકાર ધ્વારા જાહેર હેતુ માટે જમીન સંપાદનના સંબંધમાં કેન્દ્ર સરકારના જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિકાર અધિતિયમમાં વાજબી વળતર અને પારદર્શિક્તાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦મો) ના હેઠળ ભારત સરકાર ધ્વારા રાજય સરકારને જમીન સંપાદનમાં સંબંધમાં કાર્યો સુપ્રત કરવામાં આવેલ છે. જયારે ગુજરાત સરકારને લાગે છે કે નીચે આપેલ અનુસુચિમાં ઉલ્લેખિત જમીનની જરૂરીયાત ''ધરોઈ એક્સટેન્ડેડ કમાન્ડની જંત્રાલ પ્રશાખાની સાંકળ ૦ થી ૮૩૦ મી. વચ્ચે'' જાહેર હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે.

અને જયારે ગુજરાત સરકાર, મહેસુલ વિભાગના જાહેરનામાં નં.અમ/૨૦૨૦/૭૬૨/મ/જમહ/૧૭૨૦૨૦/૪૦૫૫/ઘ તા.૧૯/૧૨/૨૦૨૦ ના રોજ કાયદા અનુસાર પ્રકાશિત કર્યા હતા. તે જાણ કરવામાં આવી હતી કે શિડ્યુલમાં ઉલ્લેખિત જમીનોની જરૂરીયાત જાહેર હેતુ માટે અને ગુજરાત જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિકાર અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શિકતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૧૫ હેઠળ નાયબ કલેકટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજના હિંમતનગરના રીપોર્ટથી સંતુષ્ટ છે જે જણાવે છે કે અનુસુચિ મુજબ કહેવાતી જમીનોને સંપાદિત કરવાની જરૂર છે.

આથી ઉક્ત અધિનિયમની કલમ-૧૯ની જોગવાઈ હેઠળ એ જાહેર કરવામાં આવે છે કે ઉપર ઉલ્લેખિત જાહેર હેતુ માટે જમીનો ગામ જંત્રાલ તાલુકા વિજાપુર જી.મહેસાણાની કુલ ૦-૧૭-૫૩ હે.આરે.ચો.મી ની જરૂર છે.

કોઈપણ કુટુંબ જમીન સંપાદનના કારણે વિસ્થાપિત નથી થઈ રહયુ અને તેથી કોઈપણ પુનઃસ્થાપન વિસ્તારની જરૂર નથી.

જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિકાર અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શિકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦ મો) ના કલમ-૩ (જી) હેઠળ નાયબ કલેકટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજના હિંમતનગરને આથી કહેવાતી જમીન સંપાદનની ભવિષ્યની પ્રક્રિયાઓ માટે કલેકટરના બધાં કાર્યો કરવા માટે નિયુક્ત કરવામાં આવે છે.

જમીનના નકશાનુ નિરીક્ષણ કોઈપણ કામના દિવસે નાયબ કલેકટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજના હિંમતનગરની ઓફિસમાં કરી શકાશે.

**અનુસૂચિ** જીલ્લા: મહેસાણા તા : વિજાપુર ગામ : જંત્રાલ

| અ.નં | નવીન સર્વે નંબર | સંપાદીત થતી જમીનનું ક્ષેત્રફળ |
|---|---|---|
| ૧ | ૧૬૦૧ | ૦-૧૧-૭૧ |
| ૨ | ૧૬૫૮ | ૦-૦૪-૮૨ |

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી
(એચ.જે.રાઠોડ)
સરકારના ઉપસચિવ

નામાનિ/હિંમત/૧૧૩/૨૦૨૧